વંચાણે લીધેલ : સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર એન્ડ કમિશ્નર, પ્રામિક શિક્ષણના પત્ર નં. એસએસએ/મકમ/૧૬/ ૩૪૮૮૨-૯૫૧, તા.૦૯/૦૯/૨૦૧૬

**તા.૨૫-૦૯-૨૦૧૬ થી તા.૦૨-૧૦-૨૦૧૬ દરમ્યાન "સ્વચ્છતા અને સામાજીકતા સમરસતા" સપ્તાહની ઉજવણી બાબત...**

# પરિપત્ર

આથી સર્વે યુનિટ/સબયુનિટશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને માન.કુલપતિશ્રીનાં આદેશ અનુસાર સુચિત કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર એન્ડ કમિશ્નર, પ્રાથમિક શિક્ષણના ઉકત વંચાણે લીધેલ પત્ર મુજબ તા.૨૫-૦૯-૨૦૧૬નાં રોજ પંડિત દિનદયાલ ઉપાધ્યાયજીના જન્મ દિવસની ઉજવણી શરૂ કરી તા.૦૨-૧૦-૨૦૧૬ મહાત્મા ગાંધી જયંતિના દિન સુધી "સ્વચ્છતા અને સામાજીત સમરસતા" સપ્તાહની ઉજવણી કરવાની થાય છે. જેમાં સ્વચ્છતા અને સામાજીક સમરસતા એટલે કે, સમાજના બધા અંગોને જોડવા જેવા કાર્યક્રમો કરવાના થાય છે.

તદઉપરાંત ગાંધી જયંતિ દિન ૨જી ઓકટોમ્બર નાં રોજ ૬૦ મિનિટ સુધી બધાયે સ્વચ્છતા અભિયાન કરવાનું નકકી કરવામાં આવ્યુ છે. જેમાં ઓફીસો, હોસ્ટેલ, ધાર્મિક સ્થળો, હોસ્પીટલનો સમાવેશ થાય છે.

સપ્તાહની ઉજવણી દરમ્યાન નિબંધ, ચિત્ર સ્પર્ધા, સ્વચ્છતા અંગેના સ્લોગન લગાવવા, સ્વચ્છતા અંગેનો વિડીયો અપલોડ કરવા તેમજ સામાજીક સમરસતાનાં કાર્યક્રમોનું આયોજન કરવું.

ઉપરોકત સપ્તાહ દરમ્યાન કરેલ કામગીરીનો ફોટો/વિડીયો કલીપ સહિતનો અહેવાલ સરકારશ્રીમાં આપવાનો હોય તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓએ સ્વચ્છતા કરતા પહેલા અને સ્વચ્છતા બાદનો આપના કેન્દ્રનો વિસ્તૃત અહેવાલ નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિને તા.૦૩-૧૦-૨૦૧૬ નાં રોજ આગળની કાર્યવાહી સારૂ મોકલી આપવાનો રહેશે.

માન.કુલપતિશ્રીની આજ્ઞાનુસાર ઉપરોકત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જા. નં. નકૃયુ/નિવિક/ટે.૨/ ૩૦૬૦-૩૨૬૦ /૨૦૧૬
તા.૧૭/૦૯/૨૦૧૬

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

E:\i drive data\T-2\SWACHHTA ABHIYAN 2016-17\PARIPATR.docx